**સરસ્વતીના જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ. સરસ્વતી**
**(એમ.એમ.નવઘરે સાહેબની કોર્ટ)**

---

**ફોજદારી કેસ નં. ૩૦૯/૨૦૨૫**

**ફરીયાદ :** શ્રી સરકાર

**વિરૂધ્ધ**

**આરોપી :** ઠાકોર દશરથજી ગમનજી
રહે. દેવપુરા, તા.કાંકરેજ,જી.બનાસકાંઠા.

**<u>ચાર્જસીટ આંક–૦૧ લગત ક્રિ.પો.કોડની કલમ ૨૫૮ અન્વયે હુકમ</u>**

સદર ચાર્જસીટ કલમ જુગારધારા કલમ–૧૨ મુજબનુ પોલીસ ચલણનુ અને સમન્સ/સમરી ટ્રાયલનુ છે. સદર કેસ જુનો છે. આરોપીઓને પ્રોસેસ કાઢતા આરોપી નં–૧,૨ અને ૪ હાજર થઈ કબૂલાત કબુલ કરેલ હોઈ તેઓને દંડની સજા તા.૦૭/૦૩/૨૦૨૬ ના રોજ તેઓ વિરુધ્ધ કેસ ફેસલ થયેલ છે. ત્યારબાદ આરોપી નં.૩ ને વારંવાર પ્રોસેસો કાઢી પોલીસ એજન્સી મારફત બજવણી અર્થે મોકલવા છતાં સદર પ્રોસેસની બજવણી કરાવી, આરોપીનં.૩ ને હાજર રખાવી કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ ગયેલ છે. ફરીયાદપક્ષે આરોપીનં.૩ ને પ્રોસેસ બજવણીમાં સતત નિષ્કાળજી દાખવેલ છે જેને કારણે સદર કેસ સહેજ પણ આગળ ચલાવી શકાયેલ નથી અને લાંબા સમયથી નિકાલ બાકી રહેલ છે તેમજ હવે ફરીયાદપક્ષને આરોપીનં.૩ ને પ્રોસેસ બજવણી માટે વધુ તકો આપવી એ માત્ર નિરર્થક કસરત બની રહે તેમ છે તેમજ (૧)૧૯૯૭(૩), જી.એલ.આર. ૧૯૪૬, સ્ટેટ ઓફ ગુજરાત વિ.ગોરધનભાઈ ચંદુભાઈ પટેલ (૨) ૨૦૦૨ જી.એલ.આર. ૧૫૪૯ પી.આર. રાવ વિ. સ્ટેટ ઓફ કર્ણાટક (૩) ૧૯૯૬ (૧) બી.ઓ.એમ.સી.આર. ૩૧૬ મુળચંદ મોતીલાલ રાક વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર અને વિ. ના ચુકાદાઓના પ્રસ્થાપિત સિધ્ધાંતો તથા તે તમામ હકીકત અને સંજોગોમાં સદર કેસ ક્રિ.પો. કોડની કલમ ૨૫૮ અન્વયે બંધ કરવો યોગ્ય, વ્યાજબી અને ન્યાયી જણાતુ હોય, ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવુ છું.

**-:: હુકમ ::-**

- આથી સદર કેસ ક્રિ.પો.કોડની કલમ ૨૫૮ અન્વયે બંધ કરી આરોપીનં.૦૩ ને બીન તહોમત મુકત કરવા હુકમ ફરમાવવામાં આવે છે.
- વધુમાં, આરોપીનં.૩ જયારે પણ હાજર/ રજુ થાય ત્યારે ફરીયાદ પક્ષ ઈચ્છે તો ક્રિ.પો.કોડની કલમ ૩૦૦ (૫) મુજબ આરોપી સામેનો હાલનો કેસ ખોલાવી શકશે.
- આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ રોકડ રકમ અપીલ સમય વિત્યા બાદ સરકાર જમાં કરાવવી અને બાકીનો જુગાર રમવામાં ઉપયોગ થયેલ સાહિત્ય મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નિયમ મુજબ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.
- આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ મોબાઈલ ફોન તેમજ સીમ કાર્ડ અંગે અગાઉ જો કોઈ વચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય તો તે આથી કાયમ રાખવામાં આવે છે અને જો અગાઉ કોઈ વચગાળાનો હુકમ કરવામાં આવેલ ન હોય તો આ કામે કબજે કરેલ મુદ્દામાલ મોબાઈલ ફોન તેમજ સીમ કાર્ડ તેના માલિકી અંગેના પુરાવા લઈ તેના માલિકને તે અપીલ સમય વિત્યા બાદ પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ લોક અદાલત તા.**૧૪** મી માહે **માર્ચ** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમા જાહેર કર્યો.

**સરસ્વતી**
**તા. ૧૪/૦૩/૨૦૨૬**

**(એમ.એમ.નવઘરે)**
**જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**સરસ્વતી**
**કોડ– જીજે ૦૧૭૧૫**